# હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક
# નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.

---

સને ૨૦૧૪–૧૫ ના નાણાંકીય વર્ષ દરમ્યાન
પ્રપોઝડ ગ્રાન્ટમાં ખર્ચ કરવા બાબત.........

–:પરિપત્ર:–

આ યુનિવર્સિટીમાં કાર્યરત પ્લાન/નોન પ્લાન/આઈ.સી.એ.આર. તથા અધર એજન્સી યોજનાઓમાં સને ૨૦૧૪–૧૫ ના નાણાંકીય વર્ષ દરમ્યાન રેગ્યુલર ગ્રાન્ટ ફાળવણી થતાં સુધીમાં નીચે પ્રમાણેની સૂચનાઓને આધીન રહી પ્રપોઝડ ગ્રાન્ટમાં ખર્ચ કરવા જણાવવામાં આવે છે.

૧. **<u>પ્લાન/નોન પ્લાન યોજનાઓમાં</u>** નિયમીત પગાર ભથ્થા માટે ૧૦૦% ખર્ચ કરવો તેમજ એલ.ટી.સી. સંદર્ભે ૧૦ દિવસ રજા પગાર તથા એલ.ટી.સી. બીલ પ્રપોઝડ ગ્રાન્ટમાં પાસ કરવા (મેડીકલ રીએમ્બેર્સમેન્ટ/ મુસાફરી ભથ્થા તથા અન્ય પગાર–ભથ્થા એરીયર્સ ના બીલો સિવાય).

૨. **<u>કન્ટીજન્સી ખર્ચ માટે</u>** ગત નાણાંકીય વર્ષમાં કન્ટીજન્સી સદરે થયેલ કુલ ખર્ચના નોન પ્લાન યોજનાઓમાં ૨૦% ની મર્યાદામાં તથા પ્લાન યોજનાઓમાં ૩૦% ની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

૩. **<u>આઈ.સી.એ.આર. તથા અધર એજન્સી</u>** યોજનાઓમાં ફરજ બજાવતા અધિ/કર્મચારીશ્રીઓના નિયમિત પગાર ભથ્થાનો ખર્ચ ગત નાણાંકીય વર્ષમાં પગાર–ભથ્થા સદરે થયેલ કુલ ખર્ચના ૪૦% ની મર્યાદા સુધી જ કરવાનો રહેશે. ત્યારબાદ જો રેગ્યુલર ગ્રાન્ટ મળેલ હશે તો જ રેગ્યુલર પગાર–ભથ્થાના બીલો પાસ કરવામાં આવશે. જયારે કન્ટીજન્સી, અન્ય ભથ્થા બીલો તથા એરીયર્સ બીલોનો ખર્ચ રેગ્યુલર ગ્રાન્ટ ફાળવ્યા પછીજ કરવાનો રહેશે.

૪. જે યોજનાની કામગીરી માટે પ્રવાસ કરવામાં આવે, તેવા પ્રવાસ–ભથ્થાનો ખર્ચ તે જ યોજનાના બજેટ સદરે ઉધારવાનો રહેશે, જેથી તે યોજનામાં કરેલ ખર્ચનો હેતુ જળવાઈ રહે.

૫. ઘણી કચેરી તરફથી શરૂઆતનો બધો ખર્ચ નોન પ્લાન યોજનામાં કરવામાં આવે છે, જયારે પ્લાન યોજનામાં ખર્ચ નહીંવત કરવામાં આવે છે, જે વ્યાજબી નથી. સરકારશ્રી તરફથી પ્લાન યોજનાના ખર્ચની સમીક્ષા દરમાસે કરવામાં આવતી હોય, પ્લાન યોજનામાં ઓછો ખર્ચ થતાં આ અંગે સરકારશ્રીમાં ખુલાશાઓ આપવા પડે છે. આથી જે કચેરીમાં પ્લાન યોજના હોય તેવી કચેરીએ આયોજન પૂર્વક પ્લાન યોજનામાં ગ્રાન્ટની મર્યાદામાં નિયમિત ખર્ચ કરવાનો રહેશે.

૬. જે કચેરીઓમાં આઈ.સી.એ.આર. તથા અધર એજન્સી યોજનાઓ ચાલતી હોય, તેવી યોજનાઓની ગ્રાન્ટ સમયસર મેળવવા યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીએ પૂરતા પ્રયત્નો કરવાના રહેશે. ફંડ મેળવવા અંગે હાફ ડીમાન્ડ આ કચેરી મારફત જે તે ફંડીગ ઓથોરીટીને સમયસર મોકલી આપવાની રહેતી હોય, જે તે યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીએ આ બાબતે અંગત કાળજી રાખી સમય મર્યાદામાં આ કચેરીને રજૂ કરી આપવાની રહેશે.

૭. સરકારશ્રી તરફથી નોન પ્લાન યોજનામાં પગાર ભથ્થા પૂરતી જ ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોવાથી વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન નોન પ્લાન યોજનામાં ફકત આવશયક ખર્ચ સિવાય કોઈ ખર્ચ કરવો નહીં. તેમજ નોન પ્લાન યોજનામાં આવકનું પ્રમાણ ઓછું હોય, આવક વધારવા પૂરતા પ્રયત્નો કરવા વિનંતી છે, તેમજ ઘણી કચેરી તરફથી નોન પ્લાન યોજનામાં ખર્ચ કરવામાં આવે છે, જયારે આવક રીવોલ્વીંગ ફંડમાં જમા કરવામાં આવે છે જે વ્યાજબી નથી, તો આવો ખર્ચ પણ રીવોલ્વીંગ બજેટ સદરે કરવા વિનંતી. જેથી નોન પ્લાન યોજનામાં ખર્ચ ઘટાડી શકાય.

૮. ઉપરોકત વિગતે પ્રપોઝડ ગ્રાન્ટમાં કરેલ ખર્ચ સને ૨૦૧૪–૧૫ ના વર્ષ માટે ફાળવવામાં આવનાર રેગ્યુલર ગ્રાન્ટ સામે સરભર કરી લેવાનો રહેશે.

સદરહુ પરિપત્ર મા. કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવેલ છે.

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક

---

જા.નં.નકુયુ/હિઅવહિનિ/બજેટ–૪/ ૨૯૮૯–૩૦૪૫/૨૦૧૪ તા. ૦૧ /૦૪/૨૦૧૪

**<u>નકલ સવિનય રવાના :</u>**

૧. સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૨. મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૩. સર્વે યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૪. વહીવટ–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.